# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: આશુતોષ અંતાણી

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૨૦-૦૪-૨૦૨૪ શનિવાર** **સમય : સવારે ૬:૪૫ કલાકે**

---

## લોકસભા ચૂંટણી-પ્રથમ તબક્કાનું મતદાન:

લોકસભાની 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 બેઠકો માટે ગઈકાલે સાંજના પાંચ વાગ્યા સુધીમાં સરેરાશ 62 ટકા મતદાન થયું છે. કેટલાંક બનાવોને બાદ કરતાં મતદાન એકંદરે શાંતિપૂર્ણ રહ્યું છે. લોકસભાની બેઠકોની સાથે સાથે અરૂણચલપ્રદેશ અને સિક્કમ વિધાનસભાની ચૂંટણી પણ ગઈકાલે યોજાઈ. પ્રખર ગરમી વચ્ચે પણ મતદારોએ લોકશાહીના પર્વમાં ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

- (RNU અમદાવાદ)

---

## રાજ્ય-ચૂંટણી ઉમેદવારી પત્ર:

ગુજરાતની લોકસભાની 26 બેઠકોની સામાન્ય અને રાજ્ય વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણી આજે 20મી એપ્રિલે થશે. જ્યારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 22મી એપ્રિલ હોવાથી ચૂંટણી જંગમાં કેટલા ઉમેદવારો રહ્યા છે તેનું ચિત્ર 22મીએ સાંજે સ્પષ્ટ થશે. આ બેઠકો માટે આગામી સાતમી મેના મતદાન થશે.

ઉલ્લેખનીય છે કે, સાતમી મે ના ત્રીજા તબક્કાની લોકસભાની ચૂંટણીમાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 બેઠકો માટે મતદાન થવાનું છે. ગઈકાલે ત્રીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાના છેલ્લા દિવસે ભાજપના શ્રી અમિત શાહે-ગાંધીનગર બેઠક પરથી, શ્રી સી.આર. પાટીલે- નવસારી બેઠક પરથી અને સુશ્રી પૂનમ માડમે જામનગર બેઠક પરથી ઉમેદવારી પત્રો ભર્યા છે. એવી જ રીતે , કોંગ્રેસના શ્રી પરેશ ધાનાણીએ- રાજકોટ બેઠક પરથી, શ્રી નૈષધ દેસાઇએ- નવસારી પરથી અને શ્રી રામજી ઠાકોરે મહેસાણા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે.

દરમિયાન લોકસભાની ચોથા તબક્કાની 13મી મે ના યોજાનારી ચૂંટણી માટે ગઇકાલે જાહેરનામું બહાર પડતા ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ થયો છે. ચોથા તબક્કામાં નવ રાજ્યો

અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 96 બેઠકો માટે મતદાન થવાનું છે. આ માટે આગામી 25મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.

- **(RNU અમદાવાદ)**

---

## રાજ્ય-પોસ્ટલ બેલેટ મતદાન:

સાતમી મેના યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણી માટે પોતાનાં વતનથી દૂર રહી ચૂંટણી ફરજ બજાવતા કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ચૂંટણીપંચે પોસ્ટલ બેલેટથી મત આપવા માટેની સુચારુ વ્યવસ્થા ગોઠવી છે. પોસ્ટલ બેલેટથી મતદાનમાં અગાઉના સમયે જોવા મળતા નિરુત્સાહને ઘટાડવાના આશયથી રાજ્ય કક્ષાએ પોસ્ટલ બેલેટ એક્સચેન્જ મેળાનો નવતર અભિગમ અપનાવાયો છે. કુલ ત્રણ મેળા યોજાવાના છે , એ પૈકી પ્રથમ મેળો તાજેતરમાં અમદાવાદ ખાતે આયોજિત કરાયો , જેમાં કચ્છમાંથી આ માટે એકત્રિત કરાયેલા ફોર્મ અને અન્ય જિલ્લામાંથી કચ્છ માટે એકત્રિત કરાયેલા ફોર્મનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું એમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈએ જણાવ્યું હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છમાં પોલિંગ સ્ટાફ , બંદોબસ્તમાં રોકાયેલ પોલીસ સહિતનો સ્ટાફ તેમજ એસઆરપી જવાનોના લગભગ **8000** જેટલા કર્મી પોસ્ટલ બેલેટથી પોતાનો મત આપવાના છે.

- **(RNU અમદાવાદ)**

---

## કચ્છ-મતદાર જાગૃતિ કાર્યક્રમ:

લોકસભા સામાન્ય ચૂંટણીમાં ચુંટણી તંત્ર દ્વારા વધુને વધુ મતદાન થાય તે માટેના સઘન પ્રયાસો હાથ ધરાઇ રહ્યાં છે.. વિવિધ જિલ્લામાં અનેકવિધ મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

કચ્છ જિલ્લામાં ચુનાવ પાઠશાળા કાર્યક્રમ અંતર્ગત ગાંધીધામ જૂની સુંદરપુરી પ્રાથમિક શાળા, મોટા ગોણીયાસર, મોટા કાંડાગરા, માંડવી ખાતે મતદાન જાગૃતિ અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

- **(RNU અમદાવાદ)**

---

## રાજ્ય-ગૌણ સેવા પસંદગી પરીક્ષા:

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેર કરાયેલી વર્ગ-3ની ગ્રૂપ-એ અને ગૃપ બી ની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. ચુંટણી પંચના નિર્દેશ બાદ પરીક્ષા સ્થગિત કરાઈ છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેર કરાયેલી પાંચ હજાર 554 જગ્યાઓ માટેની પરીક્ષાઓ પહેલી એપ્રિલથી લેવાઇ રહી હતી. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે જણાવ્યું હતું કે, મોકુફ રહેલી પરીક્ષાના ઉમેદવારો માટે નવા કોલ લેટરતૈયાર કરાશે તેમજ નવી તારીખો ચૂંટણી પંચની મંજૂરી બાદ જાહેર થશે.

- **(RNU અમદાવાદ)**

---

## હવામાન:

હવામાન વિભાગે ગુજરાતમાં આગામી બે દિવસમાં હીટવેવ તીવ્ર બનવાની સંભાવના વ્યક્ત કરી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર , રાજકોટ, અમરેલી, જુનાગઢમાં આગમી દિવસોમા કપરો તાપ અને ગરમી પડી શકે છે.

દરમિયાન કચ્છ જીલ્લામાં પવનની ઝડપ વધતાં મહત્તમ તાપમાન સૂચક પારો નીચે ઉતરતા જિલ્લાવાસીઓને કાળઝાળ ગરમીમાં આંશિક રાહત મળી છે. જો કે, હવામાનમાં ભેજનું ઊંચું પ્રમાણના લીધે લોકો બફારાથી પરેશાન થયા હતા.

- **(RNU અમદાવાદ)**

---

## ક્રિકેટ-આઈપીએલ:

આઇપીએલની ગઈકાલની મેચમાં લખનૌ સુપર જાયન્ટ ટીમે ચેન્નઇ સુપર કિંગ ટીમ ને 8 વિકેટે હાર આપી હતી. લખનૌ ખાતે રમાયેલી મેચમાં ચેન્નઈ ટીમે 6 વિકેટે 176 રન કર્યા હતા. લખનૌ ટીમે બે વિકેટ ગુમાવી 180 રન કરી મેચ જીતી લીધી હતી . આજે દિલ્હી ખાતે દિલ્હી કેપિટલ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ રમાશે.

- **(RNU અમદાવાદ)**

---